# ટાબરિયાનુ પરાક્રમ

— જગદીશ ધનેશ્વર ભટ્ટ

એક છેવાડાનુ ગામ હતુ. સરહદી ગામ હતુ. ગામમા વસતી થોડી હતી. ગામની જરૂરિયાતો એવા તળાવ, કૂવો, ચબૂતરો, હવાડો હતો. ખેતીલાયક જમીન હતી. ખેતરો હતા. મહાદેવજીનુ જૂનુ મદિર હતુ. ગામમા સારી એકતા હતી. વાર–તહેવારે સૌ એકઠા થતા અને ગામના ગજા પ્રમાણે રામનવમી, જન્માષ્ટમી, શિવરાત્રિ અને નવરાત્રિ ઉજવતા હતા. દિવાળીના તહેવારો પણ પરપરાગત રીતથી કોઈપણ જાતની ઝાકમઝોળ સિવાય ઉજવતા હતા. સહુ આનદમા રહેતા હતા. સપીને રહેતા હતા. ગામમા વડીલોની વાતને સૌ માનતા અને નાના મોટા ઝઘડામા તેમની સલાહને અનુસરતા. સૌને ખેતરો હતા અને દેવુ ના રહે તેટલી કમાણી થતી હતી. કુટેવો ન હતી.

ગામમા એક શાળા હતી, સાત ધોરણ સુધીની. ગામ સરહદી હતુ પણ પોલીસચોકી દૂરના સ્થળે હતી. ત્યા દૂરના એક ભાઈ શિક્ષક તરીકે નિમણૂક પામ્યા હતા. એકલા હતા. ઉત્સાહી હતા. સૌની સાથે હળી–મળીને રહેતા અને સસ્કારી શિક્ષણ બાળકોને આપતા. તે જાતે રાધી લેતા, જમતા અને સ્કૂલ છૂટયા બાદ બીજી સાસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતા. ધ્વજવદન કરાવતા, બાળકોને રાષ્ટ્રપ્રેમના ગીતો શીખવાડતા. ગાતા અને ગવડાવતા. તેઓ બાળકોને હમેશા બહાદુર અને નીડર બનવાની શીખ આપતા. સત્યને અનુસરવાનુ કહેતા. સાથોસાથ અન્યાય સામે કદી નહીં ઝૂકવાના ગુણો તેમણે બાળકોને ગળથૂથીમા ઉતાર્યા હતા. વ્યસનો નહીં કરવા જણાવતા.

આ ગામમા એક સ્મશાન હતુ. તે સ્મશાન ગામથી અડધો માઈલ દૂર હતુ. ત્યા થોડા વખતથી આગના ભડકા થતા. લોકો જોતા. ઘણીવાર તો બિહામણી કિકિયારીઓના અવાજો ત્યાથી સભળાતા. ગામમા આ વાત રોજ રોજ ચર્ચાતી હતી. પણ કોઈ પહેલ કરવા તૈયાર ન હતુ. તે બાજુ આવેલા ખેતરોમા રાતવાસો કરવાનુ પણ ત્યાના ખેડૂતોએ પડતુ મૂક્યુ હતુ.

શિક્ષકના કાને આ વાત આવી. તેમણે ગામના બાળકોની એક સરક્ષક સેના ઊભી કરી. તેમા ત્રણ ટાબરિયા : મનુ, કનુ અને છગન હતા. બહુ જ ચબરાક અને નીડર હતા. શિક્ષકે તેમની સાથે એક યોજના વિચારી. એક રાતે આગના ભડકા દેખાવાના ચાલુ થયા અને કિકિયારીઓના અવાજો આવવાનુ ચાલુ થયુ ત્યારે શિક્ષક અને ત્રણે ટાબરિયા હાથમા લાકડીઓ લઈને જવા તૈયાર થયા. ગામના લોકો વારવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, કદાચ આ સરહદપારથી આવેલા ગુડાઓનુ કે

ભૂતનુ કામ હોય. પરતુ કોઈપણ ગુડા કે ભૂતથી બીએ એ બીજા. પછી તો ગામના બીજા થોડા માણસો પણ તેમનાથી થોડુ અતર રાખીને પાછળ ચાલવા લાગ્યા. શિક્ષક, મનુ, કનુ અને છગન સ્મશાનની નજીક આવી ગયા. અધારી રાત હતી. છુપાતા છુપાતા ગયા, અને એક ઊંચા નજીકના વડ ઉપર ચઢીને જોયુ તો ત્યા માત્ર પાચેક માણસ જણાયા. તેમણે જોયુ તો એ લોકો જોર જોરથી ડરામણી બૂમો પાડતા હતા. સ્મશાનની બાજુમા મોટો ભઠ્ઠો સળગાવ્યો હતો.



કેટલાક જણ કેરોસીનના મોટા મોટા ભડકા કરતા હતા. શિક્ષક અને ટાબરિયાની ટોળીને તુરત જ ખ્યાલ આવી ગયો કે નજીકના ગામના હરામી માણસો દારૂ ગાળતા હતા. તેઓ દારૂ ગાળતા હોય ત્યારે કોઈ ભૂલેચૂકે આવી ના ચઢ તે માટે આવ નાટક કરતા હતા. લોકોને આ રીતે બીવડાવતા હતા.

શિક્ષક અને ટાબરિયાઓએ ગામ લોકોની સહાય લીધી. સત્યથી તેમને વાકેફ કર્યા. બધાએ સામટા ભેગા મળીને સ્મશાનમા ભેગા થયેલા માણસો પર હુમલો કર્યો. બધાને બરાબર ઠપકાર્યા, બાધ્યા અને ગામના ચોરે લાવીને ઓરડામા આખી રાત પૂરી રાખ્યા. આખી રાત ચોકી કરી. સવાર પડતા શિક્ષક અને ટાબરિયા પોલીસચોકી ગયા અને ફરિયાદ નોધાવી, ગુનેગારોને જેલ ભેગા કરાવ્યા.

આવુ હતુ ટાબરિયાનુ પરાક્રમ.

■